## " સાફલ્યગાથા "

## તા.૧૭/૧૧/૨૦૧૪ થી ૨૪/૧૧/૨૦૧૪

### મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.

- ❖ ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.
- ❖ ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.
- ❖ કામરેજ પો.સ્ટે. ગુમ જા.જોગ નં.૧૪/૨૦૧૪ ના કામે ગુમ થનાર – હેતલબેન D/O. હરેશભાઇ ગોંડલીયા ઉવ.૧૮ રહે.ખડસદ તા.કામરેજ નાની તા.૨૨/૧૧/૨૦૧૪ ના રોજ પરત મળી આવેલ છે.
- ❖ કામરેજ પો.સ્ટે. ગુમ જા.જોગ નં.૨૬/૨૦૧૪ ના કામે ગુમ થનાર – પુજાબેન D/O. વ્રજલાલ પટેલ ઉવ.૧૮ રહે.સરથાણા તા.કામરેજ નાની તા.૨૦/૧૧/૨૦૧૪ ના રોજ પરત મળી આવેલ છે.

### જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી

- ❖ કડોદરા GIDC પો.સ્ટે કડોદરા પોસ્ટે II ગુ.ર.નં ૩૩૯/૨૦૧૪ ઇ.પી.કો કલમ ૨૭૯, મો.વ્હી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનાના કામે મહમદ અયાઝ આબીદઅલી ખાન, રહે.સુમુલ ડેરી,સુરત શહેર નાઓને ૧૮/૧૧/૨૦૧૪ કલાક. ૧૬/૧૫ વાગે અટક કરેલ છે.
- ❖ કડોદરા પોસ્ટે ગુ.ર.નં- ૧૮૭/૨૦૧૪ ઇ પી કો કલમ ૩૪૧,૫૦૪,૫૦૬(૨) મુજબ ના ગુનાના કામે બલવાનસીગ સીસરામ વર્મા રહે,. કીમ મહાલક્ષ્મી સોસા. તા. ઓલપાડ જી. સુરત નાઓને ૦૪/૧૧/૨૦૧૪ કલાક ૧૭/૩૦
- ❖ માંગરોલ I ૭૯/૨૦૧૪ ઇ.પી.કો કલમ ૩૦૭ મુજબ ના ગુનાના કામે ઇનેશભાઇ રણછોડભાઇ ગામીત રહે.દેગડીયા તા.માંગરોલ જી.સુરત નાઓને તા.૨૨/૧૧/૨૦૧૪ કલાક ૧૩/૩૦ વાગે અટક કરેલ છે.
- ❖ કામરેજ I 478/2014 IPC 302, 114 મુજબ ના ગુનાના કામે ૧) પ્રકાશભાઈ કરશનભાઈ ડોબરીયા હાલ રહે- પાસોદરા ઓમ ટાઉનશિપ વિભાગ-૧ બિલ્ડીંગ બી/૧૬ ફ્લેટ નં.૨૦૩ તા. કામરેજ જી.સુરત મુળ રહે-ધાવાગીર તા.તાલાળા જી.સોમનાથ (જુનાગઢ) (૨) વિઠ્ઠલભાઈ દેવસીભાઈ હિરપરા હાલ રહે- અમરોલી છાપરાભાઠા રોડ કોલસાના ગોડાઉનમા મુળ રહે-સડોદર તા.જામજોધપુર જી.જામનગર નાને તા. ૨૨/૧૧/૨૦૧૪ કલાક.૨૦/૨૫ અટક કરેલ છે.
- ❖ બારડોલી પો.સ્ટે. I ગુ.ર.નં-૨૫૨/૨૦૧૪ ઈ.પી.કો કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા M.V.ACT ૧૭૭,૧૮૪ મુજબ ના ગુનાના કામે દિનેશભાઈ શંકરભાઈ બદાણે રહે ખંડલાવ ગામ તા.જી.ધુલીયા તા.૨૧/૧૧/૨૦૧૪, કલાક- ૦૯/૩૦ વાગે.

# નાની ધામડોદ ગામની શાળામાં ગુણોત્સવમાં પોલીસવડા

## પોલીસવડાએ બાળકો સાથે ભોજન આરોગ્યું



નાની ધામડોદની શાળાના બાળકો સાથે ભોજન લેતા જિલ્લા પોલીસ વડા.

ભાસ્કર ન્યૂઝ. બારડોલી

પલસાણા તાલુકાના નાની ધામડોદ ગામે જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળામાં ગુણોત્સવમાં જિલ્લા પોલીસવડા પ્રદીપ સેજુળે હાજરી આપી હતી. અને શાળાના બાળકોની ગુણોત્સવ દરમિયાન મૂલ્યાંકન કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસવડાએ બાળકોને પોલીસ અંગે તેમજ તેમની કામગીરી અંગે માહિતગાર કર્યા હતાં.

ગુણોત્સવને અનુલક્ષીને પલસાણા તાલુકાના નાની ધામડોદ ગામે જિલ્લા પોલીસવડા પ્રદીપ સેજુળ આજરોજ પ્રાથમિક શાળામાં ગયા હતાં. અને ત્યાં શાળામાં બાળકો સાથે વર્ગમાં જઈ તેમના અભ્યાસ અંગેનું મૂલ્યાંકન કર્યુ હતું. આ ઉપરાંત પોલીસવડાએ બાળકોને પોલીસની કામગીરી અને પોલીસ અંગે માહિતગાર કર્યા હતાં. કેટલા બાળકોએ પોલીસ બનવું છે અને પોલીસે શું શું કામગીરી કરવાની છે તે અંગે માહિતી આપી હતી.

## બાળકો સાથે ભોજન આરોગ્યું

**સુરત** જિલ્લા પોલીસવડા શનિવારના રોજ પલસાણા તાલુકાના નાની ધામદોડ ગામે પ્રાથમિક શાળામાંગુણોત્સવ માટે પહોંચ્યા હતાં. શાળાના શિક્ષકો તેમજ ગામના અગ્રણીઓએ જિલ્લા પોલીસવડા માટે અલગ નાસ્તા તેમજ જમવાની વ્યવસ્થા કરી હતી. અને આ વસ્તુ સ્વભાવિક છે પરંતુ જિલ્લા પોલીસવડા પ્રદીપ સેજુળે અલગ નાસ્તો કરવા તેમજ જમવાનું ના પાડ્યું હતું અને તેમણે શિક્ષકોને જણાવ્યું હતું કે મધ્યાહન ભોજનમાં જે બાળકો માટે જવાનું બનાવ્યું છે તે રસોઈ જ હું જમીશ. અને તેઓ વિદ્યાર્થીઓ સાથે મધ્યાહન ભોજનની રસોઈ જમાવ્યા હતાં. તેમની

# વાહન ચોરી ગુનો અટકાવવા જનજાગૃતિ અગત્યની: DYSP

## માંડવી લોકદરબારમાં યુવાનોને જનરક્ષકમાં જોડવા અનુરોધ

ભાસ્કર ન્યૂઝ. માંડવી



માંડવી પોલીસ સ્ટશન ખાતે શુક્રવારે ડીવાયએસપી રાજેશ ગઢીયાના અધ્યક્ષ સ્થાને લોકદરબાર યોજાયો હતો. જેમાં મહંદશે ટ્રાફિક સમસ્યાની ચર્ચા થઈ હતી અને નગરપાલિકા તથા વેપારો અને પોલીસના સહિયારા પ્રવાસ સાથે ટ્રાફિક સમસ્યા દૂર કરવાનું નક્કી કરાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં પોસઈ ડી. એન. ચુડાસમાએ સૌને આવકાર્યા હતાં. અને 194 ગામડા ધરાવતાં તાલુકામાં નગરમાં જો કોઈ પ્રશ્ન કનડતા હોય તો તે અંગે રજૂઆતો કરી સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. જ્યારે ડીવાયએસપી રાજેશ ગઢીયાએ જણાવ્યું કે કાયદો વ્યવસ્થાને વધુ અસરકારક કરવામાં આવ્યું છે. બિનશરતી પોલીસ સહોયગ માટે શરૂ કરાયેલ અભિયાનમાં યુવકોને

માત્ર રઝળપાટ કરી ટાઈમપાસ કરતાં યુવાનો જનરક્ષકમાં જોડાય સમયમાં સેવામાં ઉપયોગ કરે તે જરૂરી છે. જનક્ષકોને કાયદા વિરુદ્ધ થતી પ્રવૃત્તિઓની પોલીસને જાણ કરવાની રહે છે.ત્યારબાદ ટ્રાફિક સમસ્યા દૂર કરવા વેપારો સાથે મિટિંગ યોજી ચોક્કસ નિરાકરણ લાવવાની ખાત્રી આપી હતી. જ્યારે વાહન ચોરી બાબતે પોસઈ ડી. એન. ચુડાસમાને

રાત્રિ દરમિયાન બાઈક ઉપર સાદા ડ્રેસમાં ફરી વાહનચોરોને પકડી વાહનચોરીના ઘણા ગુના ઉકેલ્યા છે. પરંતુ આટલા મોટા તાલુકામાં વાહનચોરી બંધ કરાવવા માટે જનજાગૃતિ પણ એટલી જ જરૂરી છે. પોતાના સાધનો રોડની બાજુમાં કે ગમે ત્યાં પાર્ક ન કરતાં સલામત જગ્યાએ પાર્ક કરવું જોઈએ અને અવશ્યપણે લોક કરવા જોઈએ. બિનજવાબદારી ભર્યુ

# કોસંબામાં ટ્રાફિક જાગૃતિ રેલી




**કોસંબા** | કોસંબા પોલીસ દ્વારા તરસાડી કોસંબા નગરમાં ટ્રાફિક સપ્તાહની ઉજવણી નિમિત્તે રેલીનું આયોજન કર્યું હતું. જેમાં કોસંબા પોસઈ , પોલીસ સ્ટેશન સ્ટાફ તેમજ સ્ટુડન્ટ પોલીસ કેડેટના બાળકો,

## ઓલપાડમાં ટ્રાફિક જાગૃતિ




**ટકારમાં** | એક પખવાડીયાથી જિલ્લામાં ટ્રાફિક ઝુંબેશ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ઓલપાડમાં પીઆઇ રાઠોડના માર્ગદર્શન હેઠળ ઓલપાડ પોલીસ અને મહાદેવ શાસ્ત્રી વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ટ્રાફિક પખવાડીયુની ઉજવણી મહાદેવ શાસ્ત્રી વિદ્યાલયમાં કરાઇ હતી. આચાર્ય પ્રવીણ પટેલે સૌને આવકાર્યા હતાં. ત્યારબાદ પીઆઇ રાઠોડે શાળાના વિદ્યાર્થીને ટ્રાફિક સમસ્યા અને તેનું નિવારણ તથા અકસ્માતથી બચવા માટે તકેદારીના પગલાઓથી વાકેફ કર્યા હતાં. હેલ્મેટ પહેરીને સિટબેલ્ટનો ઉપયોગ, ડ્રાઇવિંગ સમયે મોબીલ પર વાતચીત ન કરવી, પૂર ઝડપે વાહન હંકારવું ન જોઇએ તેવી માહિતી આપી હતી. ઓલપાડમાં મુખ્ય બજાર સુધી રેલી

## વાંકલમાં ટ્રાફિક જાગૃતિ અંગે રેલી




**વાંકલ** | વાંકલની એન. ડી. દેસાઇ સાર્વજનિક હાઇસ્કૂલ ખાતેથી સાંજે 4.00 કલાકે સુરત જિલ્લા પોલીસ અને માંગરોળ પોલીસના સંયુક્ત ઉપક્રમે સ્ટુડન્ટ પોલીસ કેડેટ અને એસપીસીના વિદ્યાર્થીઓની વિશાળ રેલી નીકળી હતી. જેમાં શાળાના ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓ સાથે સ્ટુડન્ટ પોલીસ કેડેટના વિદ્યાર્થીઓએ ટ્રાફિક જાગૃતિ અંગેના બેનરો સાથે હેલ્મેટ પહેરો જીવન બચાવો જેવા અનેક સૂત્રોના નારા બોલાવતાં વાંકલ ગામનો વિસ્તાર ગુંજી ઉઠ્યોહતો. આ રેલી વાંકલમાં ભ્રમણ કરી

## માંડવી પોલીસ દ્વારા ટ્રાફિક જાગૃતિ



**માંડવી** | માંડવી પોલીસ સ્ટેશન દ્વારા છેલ્લા દિવસોથી ટ્રાફિક અંગેની જાગૃતિ લાવવાના અનેકવિધ પ્રયત્નો હાથ ધરાયા હતાં. જેમાં તાલુકાની વિવિધ શાળોમાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધા યોજી યુવાનો સહિત સૌમાં ટ્રાફિકના નિયમો તથા સલામતીના પગલાથી વાકેફ કરાયા હતાં. માંડવી પીએસઆઇ ડી. એન. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ ગુરુવારે પોલીસ જવાનો ઉપરાંત ટ્રાફિક કર્મી અને એસપીસીના યુવકો બેનરો સાથે રેલીમાં જોડાયા હતાં. યુવાનો પણ બાઇક રેલીમાં જોડાઇ નિયમો ઉપરાંત સલામતી મુસાફરી અંગે સમજણ આપવામાં આવી હતી. પોસઇ

# કોસંબા પંથકમાં મહિલા સશક્તિકરણ અંતર્ગત 34 મંડળોની રચના

## પોલીસ દ્વારા સરપંચની અધ્યક્ષતામાં મંડળ રચાયા

**ભાસ્કર ન્યૂઝ.કોસંબા**

કોસંબા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ 34 ગામોમાં ગુજરાત સરકાર દ્વારા ચાલુ કરવામાં આવેલ મહિલા સશક્તિકરણના કાર્યક્રમ અંતર્ગત સરપંચોના અધ્યક્ષતામાં દરેક ગામમાં મહિલા સશિક્તકરણ મંડળની રચના કરવામાં આવી હતી.

ગુજરાત સરકાર દ્વારા મહિલા સશિક્ત કરણની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં દરેક ગામમાં મહિલાઓને થતાં અન્યાય તેમજ મહિલાનો ઉદ્ધાર માટે કામ કરવા માટે સમિતી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં પોલીસ પોતાની સક્રીય ભૂમિકા ભજવશે. જે માટે કોસંબા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા

ધરી હતી. જેમાં પોસઈ નંદલાલ પ્રજાપતિએ 74 ગામોના સરપંચ અને આગેવાનોની બેઠક યોજી દરેક ગામમાં મહિલા સશક્તિકરણ સમિતીની રચના કરી હતી. જેમાં પાંચ મહિલાઓને ફરજિયાત સ્થાન આપવામાં આવશે.

જે સમિતીમાં એક સભ્ય સચીવ તરીકે એક પોલીસ કર્મચારીની નિમણૂક કરવામાં આવશે. તેમજ આ સમિતીનો અધ્યક્ષ ગામના સરપંચ રહેશે. તેમજ આ તમામ સમિતીઓ ઉપર નોડલ અધિકારી તરીકે પીએસઆઈની નિમણૂક કરવામાં આવી છે. આ સમિતી ગામમાં મહિલાને લગતો પ્રશ્ન, દારૂબંધી, મહિલા શિક્ષણ, મહિલા જાગૃતિ સ્વચ્છતા સ્વાસ્થ્ય તેમજ સરકારી લાભોના પ્રચાર અને પ્રસારના

C:\Users\chetanp\AppData\Local\Microsoft\Windows\Temporary Internet Files\Content.IE5\T9VCYIKP\Saflya_Gatha_17.11.14_to_23.11.14[1].doc

**થોડી સાવચેતી** | ઘોરણપારડી ગામે એક જ ટ્રેલરચાલકને બીજી વખત લૂંટવા જતાં લૂંટારુઓ ભેરવાઈ ગયા

# ટ્રેલરચાલકને લૂંટીને ભાગતા બે ઝડપાયા

## જિલ્લા ટ્રાફિક પોલીસ તથા હાઈવે પેટ્રોલિંગની ટીમ પહોંચી જતાં બે લૂંટારુ ઝડપાઈ ગયા

ભાસ્કર ન્યૂઝ.કામરેજ

ધોરણપારડી ગામે નેહા નં 8 ઉપર સોમવારે રોડની બાજુમાં પાર્ક કરેલી ટ્રેલરમાં સૂતેલા ડ્રાઈવરને મોટરસાઈકલ પર આવેલા ત્રણ ઈસમોએ મારમારી 1100 રૂપિયા લઈ લીધા હતા. ત્યાંજ રહેલા ટ્રેલરચાલકે બીજા દિવસે આ લૂંટારુઓને જોઈ જતાં તે ગભરાયો હતો અને ટ્રેલર લઈને ચાલક ત્યાંથી રવાના થયો હતો. આ સમયે ગતરોજ ભેટી ગયેલા લૂંટારુઓએ ટ્રેલરને ઓવરટેક કરી મોટરસાઈકલ પર આવેલા ત્રણ પૈકી બે ઈસમે ટ્રેલરચાલકને અટકાવ્યો હતો અને તેને માર મારી ફરી 6600 રૂપિયાની લૂંટ ચલાવી ભાગી છૂટ્યા હતા. આ ઘટનામાં ટ્રેલરચાલકે આઈઆરબી તથા જિલ્લા ટ્રાફિક પોલીસને ઘટના અંગે જાણ કરતાં ટ્રાફિક પોલીસે સતર્કતા વાપરી બે ઈસમોને પકડીને કામરેજ પોલીસને સોંપ્યા હતાં.

આ અંગે મળતી માહિતી અનુસાર યુપીના નંદાવલી ગામના વતની અને હાલ મુંબઈ ખાતે રહેતા મહંમદ અલી (RJ-05 GA-2629)માં ગત 14મીના રોજ રાજસ્થાનના અજમેરથી હીટાચી મશીન ભરીને કામરેજ ખાતે મશીનની ડિલેવરી કરવા આવ્યા હતાં.

હતું. હાઈવેની બાજુમાં ટ્રક પાર્ક કરીને મહંમદ ઉંઘી ગયો હતો.

આ સમયે મોડી રાત્રે 3.00 કલાકે મોટરસાઈક્લ નં (GJ-5AV-9304) પર ત્રણ અજાણ્યા વ્યક્તિઓ આવ્યા હતાં અને ચાલકને ધમકાવી જઈ 1100 રૂપિયા કઢાવી ગયા હતાં. રાત્રિનો સમય હોવાથી મહંમદ સૂઈ રહ્યો હતો. બીજા દિવસે ડીઝલના રૂપિયા ન હોવાથી મુંબઈથી ડીઝલના રૂપિયા આવે તેની રાહ જોતો હતો. સાંજે 4.00 કલાકે ફરી મોટરસાઈકલ પર આ ત્રણ ઈસમો આપતાં ચાલક ગભરાઈ ગયો હતો અને ટ્રેલર લઈને ત્યાંથી નીકળી ગયો હતો.

દરમિયાન ધોરણ પારડી ગામે નેશનલ હાઈવે નં 8 પર રીલીફ હોટલની પાસે ટ્રેલર ઊભું રાખતા મોટરસાઈકલ સવાર ઈસમ પૈકી બે ઈસમો ટ્રેલરમાં ચઢી ગયા હતાં. મહંમદ અલીને તમાચા મારી તેની પાસે રૂપિયા હોય તેટલા લાવ તેમ કહી શર્ટના ખિસ્સામાંથી 6300 રૂપિયા કાઢીને નાસી ગયા હતાં.

દરમિયાન આઈઆરબીની ટીમ પેટ્રોલિંગ કરતાં કર્મચારીને જોઈ આવી પહોંચતા બૂમાબૂમ કરી હતી. આ દરમિયાન જિલ્લા ટ્રાફિક પોલીસ પણ




વર્ણનને આધારે ખેતરાડી વિસ્તારમાંથી બે વ્યક્તિને પકડી લાવ્યા હતાં. જેમાં સમસુદ્દીન ઈબ્રાહીમ દીવાલ (22) તથા શેખ અકીલ લતીફ ભૂરિયા (27) (બંને રહે .બાપુ નગર ઝુપડપટ્ટી ખોલવડ) ને પકડી લઈ કામરેજ પોલીસને સોંપ્યા હતાં, જ્યારે એક તોફીક યુસુફ શેખ નામનો વ્યક્તિ ભાગી છૂટ્યો હતો.



ધોરણપારડી ગામે હાઈવે પર ટ્રક્ચાલકોને લૂંટી લેતા પકડાયેલા બે ઈસમો અને તેમની પાસેથી મળી આવેલી બાઈક તથા ટ્રેલર કમ ટ્રક.

### 57000ની લૂંટમાં પણ આ જ ટોળકીની શક્યતા

**મુંબઈથી** અમદાવાદ સોપારીની ગુણો ભરીને જતી ટ્રકને ત્રણ વ્યક્તિએ પીછો કરી ઘોરણપારડી ગામે 57000ની મત્તાની લૂંટ કરી જવાની ઘટનામાં પણ આ ટોળકીની સંડોવણી હોવાની શક્યતા છે. પોલીસ પૂછતાછ દરમિયાન આ વિસ્તારના અનેક લૂંટના ગુના ઉકેલાય તેવી શક્યતા છે.

### પકડાયેલા બંને લૂંટારુ રીઢા ગુનેગાર

**સૂત્રોના** જણાવ્યા અનુસાર લૂંટના ગુનામાં પકડાયેલો સમસુદીન તથા અકીલ શેખ અગાઉ પણ મોબાઈલ ચોરી તેમજ અન્ય પરચુરણ ગુનામાં પોલીસના હાથે ઝડપાઈ ચૂક્યા છે. આ ટોળકી છેલ્લા ઘણા સમયથી કામરેજ વિસ્તારમાં સક્રીય હતી. આ લૂંટની ટોળકીનો મુખ્ય સૂત્રધાર તોફીક શેખ હોવાનું જાણવા મળ્યું છે. આ ટોળકી લૂંટ કરવા માટે ટોલનાકાથી કામરેજ સુગર સુધીના હાઈવે ઉપર રોડની આજુબાજુમાં પાર્ક કરેલી ટ્રકના ચાલકોને ટારગેટ બનાવે છે. મોટરસાઈક ઉપર રખડતી ટોળકી પહેલા રસ્તા પુછવાને બહાને ટ્રક ચાલકની નજીક જઈ સરવે કરી લે છે. ટ્રકમાં કેટલા વ્યક્તિ છે અને કેવા છે તે સરવે કર્યા બાદ પરિસ્થિત જોઈને ફરી ટ્રક પાસે આવીને ચાલક પાસે મોબાઈલ તેમજ રકડ રકમ લૂંટી લેતી હોવાનુંજ ણવા મળ્યું છે. જિલ્લા ટ્રાફિક પોલીસ તથા કામરેજ પોલીસ ઘણા

---

ગૌમાંસ ભરીને મહારાષ્ટ્ર તરફ જતી ટ્રકની બાતમી મળતાં ગૌરક્ષકોએ ચોર્યાંસી ટોલનાકો વોચ રાખી હતી

# 6.5 ટન ગૌમાસ ભરેલી ટ્રક ઝડપાઈ

## ગૌધરાથી મહારાષ્ટ્રના ધૂલિયા ખાતે માસનો જથ્થો લઈ જવાતો હતો, બે ઈસમો પકડાયા, ગૌમાસ દાટી નાશ કરાયો

ભાસ્કર ન્યૂઝ.કામરેજ

ગોધરાથી ગૌમાંસ ભરીને મહારાષ્ટ્ર તરફ જતી ટ્રકને બાતમી ગૌરક્ષકોને મળી હતી. આ આધારે ગુરુવારે બપોરે નેશનલ હાઈવે નં 8 ઉપર કામરેજ તાલુકાના ચોર્યાસી ટોલનાકા ઉપર 6.5 ટન ગૌમાસનો જથ્થો ગૌરક્ષકોએ ઝડપી પાડ્યો હતો. ટ્રક્માં 6.5 ટન જેટલો ગૌમાંસનો જથ્થો હોવાથી પોલીસે કોર્ટની પરવાનગીને આધારે જથ્થાને જમીનમાં દાટી દઈ ડ્રાઈવર તથા ક્લીનરને પકડીને તેમના વિરુદ્ધ કામરેજ પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી.

ગુરુવારના રોજ ગૌરક્ષકને બાતમી મળી હતી કે ગૌધરાથી ગૌમાંસ ભરીને ટ્રક નં (GJ-6ZZ-8720) મહારાષ્ટ્ર તરફ જવા નીકળી છે. આ બાતમી આધારે સુરત જિલ્લાના કામરેજ તાલુકાના નેશનલ હાઈવે નં 8 ઉપર આઈઆરબી ટોલનાકા નજીક ગૌરક્ષકો વોચમાં હતાં. આ દરમિયાન બાતમીવાળી ટ્રક આવતાં તેને અટકાવી હતી.

ટ્રક્માં તપાસ કરતાં પાછળના ભાગે તાડપત્રીની આડમાં મોટી માત્રામાં ગૌમાંસનો જથ્થો મળ્યો હતો. જેથી આ અંગે કામરેજ પોલીસને જાણ કરવામાં આવી

પહોંચી એફએસએલની મદદથી માંસનું સેમ્પલ લઈ પરીક્ષણ કરાયું હતું, જેમાં પકડાયેલું માંસ ગૌમાંસ હોવાનું બહાર આવ્યું હતું. જેથી કામરેજ પોલીસે ટ્રક્ના ચાલક ઈરફાન ફારૂક બાંદી (રહે. સુસલાપોર, શેખમઝાવર રોડ, ગોધરા, જિ. પંચમહાલ) તેમજ ક્લીનર વસીમ હુશેન શેખ (રહે. ઈદગાહ મહોલ્લો, ગંદરા વિસ્તાર, ગોધરા, જિ. પંચમહાલ)ને ઝડપી લીધા હતાં. પકડાયેલા બંને ઈસમો વિરુદ્ધ કામરેજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બીજી તરફ પોલીસે




ચોર્યાસી ટોલ નાકા નજીકથી ગૌમાંસ ભરેલી ટ્રક મળી આવી.

ખાતેથી ભરીને મહારાષ્ટ્રના ધૂલિયા ખાતે લઈ જવાના હતાં. આ અંગે

જથ્થો નાસ કરવા માટે કઠોર કોર્ટે પરવાનગી આપતાં તમામ

### મોટાપ્રમાણમાં ગૌહત્યાના કારણે ગૌરક્ષકોમાં રોષ

**ચોર્યાંસી** ટોલનાકા પાસેથી સાડા છ ટન જેટલો ગૌમાંસનો જથ્થો પકડાયા બાદ આ જથ્થો કોણે ભરાવ્યો હતો અને કોને ત્યાં મોકલવાનો હતો તે બાબતે કામરેજ પોલીસે તપાસ શરૂ કરી હતી. બીજી તરફ મોટા પ્રમાણમાં ગૌવંશની હત્યા થતી હોવાને લઈ ગૌરક્ષકોમાં ભારે

નવીપારડીમાંમહિલાનીહત્યાકરીલાશનાળામાંફેંકીદેવાનીઘટના

# મહિલાની હત્યા કરનારો પતિ સુરતથી પકડાયો

## પતિએગાંધીધામમાંઆડસંબંધનાકારણેપત્નીનેટૂંપોદઈહત્યાકરીદીધી

ભાસ્કર ન્યૂઝ . કામરેજ

નવીપારડી ખાતે ગુરુવારના રોજ બપોરના જોય એન્ડ જોય તરફ જતા રોડ પર કામરેજ સુગરની બાજુમાં નાળાની નીચે હત્યા કરાયેલી અવસ્થામાં મહિલાની લાશ મળી આવી હતી. પોલીસની બે દિવસની મહેનત બાદ મહિલાની લાશની ઓળખ થઈ હતી અને હત્યાનો ભેદ પણ ઉકેલાય ગયો હતો. તેની સાથે જ હત્યા કરનારા પતિને કામરેજ પોલીસે સુરત રેલ્વે સ્ટેશન પરથી પકડી પાડયો હતો.

પોલીસ સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ કામરેજ તાલુકાના નવી પારડી ગામની હદમાં કામરેજ સુગરની બાજુમાં જોય એન્ડ જોય તરફ જવાના રોડ પર આવેલ નાળા નીચેથી ગુરુવારના રોજ બપોરના 1.30 કલાકે નાળાના પાણીમાંથી બ્લેકેટ ઓઢાડી ગળે ટુંપો આપી મહિલાની હત્યા ક્ર્યા બાદ તેની લાશ ફેંકી દેવાયેલી હાલતમાં મળી આવી હતી. આ અંગે કામરેજ પી.આઈ એલ.ડી.વાગડીયાએ અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.



નવીપારડીમાં મહિલાની હત્યા કરનારો પતિ.

મળી હતી કે કામરેજ સુગરમાં હમાલીનુ કામ કરતો રામબાબુ વાસુભાઈ કેવટ (હાલ રહે- કામરેજ સુગર હમાલી ચાલ મૂળ રહે-ધોબીચોક થાના-દરબદોર તા-અંજગરા જી-પટના બિહાર) ની પત્નિ ધનવંતરી(ઉ.વ.32) ની હોવાનુ માલૂમ પડ્યું હતું. કામરેજ પોલીસે તપાસ કરતા મરનાર મહિલાના દિયર રમેશને શનિવારના રોજ મોડી સાંજે મૃતદેહ બતાવતા ભાભીનો મૃતદેહ હોવાનુ જણાવ્યુ હતુ. રમેશની પૂછપરછ કરતા ભાભીની હત્યા સુગરમાં આવતા હમાલીના કોન્ટ્રાકટર શંકરભાઈ તથા પવારની પૂછપરછ કરી

### અન્ય સાથે આડસંબંધના કારણે મહિલાની હત્યા

**પત્નીની** હત્યાના કેસમાં પકડાયેલા પતિ રામબાબુએ પોલીસની પૂછપરછમાં જણાવ્યું કે થોડા દિવસ અગાઉ ગાંધીધામ ખાતે મજૂરી કામ માટે અમે ગયા હતા. ત્યાં ધનવંતરીબેનને સાથે મજૂરી કામ કરતા મજૂર સાથે પ્રેમસંબંધ થઈ ગયો હતો, જેના લઈને કામરેજ પરત ફર્યા હતા અને કામરેજ સુગરમાં હમાલી કામ કરી રહ્યાં હતા. ફરી ધનવંતરીબેન ગાંધીધામ જવાનુ કહી રહી હતી, જેના લીધે બુધવારના રોજ મોડીરાત્રીના તેની હત્યા કરી હું ફરી ગાંધી ધામ ભાગી ગયો હતો.

કરનારા રામબાબુએ પોતે જ પત્નીની હત્યા કરી હોવાની વાત કરી હતી.

પતિ રામબાબુ પત્નીની હત્યા ક્ર્યા બાદ ગાંધીધામ ભાગી ગયો હતો અને રવિવારના રોજ પોતાના બાળકોને લેવા માટે સુરત રેલવે સ્ટેશને આવતા કામરેજ પોલીસે પકડી

# ખોલવડ-કઠોરમાં ચોરીના 3 આરોપીને 4 દિવસના રીમાન્ડ

ભાસ્કર ન્યૂઝ.કામરેજ

એક માસ અગાઉ ખોલવડ તથા કઠોર ગામે દિવાળીના દિવસે થયેલી ઘરફોડ ચોરીના આરોપીને અમદાવાદના અસ્લાલી પોલીસ સ્ટેશનમાંથી ટ્રાન્સફર વોરંટ દ્વારા કામરેજ પોલીસે કબજો લઈ કઠોર કોર્ટમાં રજૂ કરી ત્રણેય આરોપીના ચાર દિવસના રીમાન્ડ મેળવ્યા છે.

11મી ઓકટોબરના રોજ કામરેજ તાલુકાના ખોલવડ ખાતે આવેલ ક્રિષ્ના રેસીડન્સીમાં મકાન નંબર 1 અને 6 નંબરના મકાનના દરવાજાનો નકુચો તોડી બંને ઘરમાંથી રોકડ તથા ઘરેણા મળી કુલ્લે 68500ની ચોરી થઈ હતી. જે અંગે ચન્દ્રકાંતભાઈ પટેલે કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. અને કઠોર ખાતે છીપવાડમાં રહેતા ખાડીમ હુસેન મોમીનના મકાનમાં પરિવાર પહેલા માળ ઉપર સુતો રહ્યો અને ગ્રાઉન્ડ ફલોક પરથી નકુચો તોડી ઘરમાંથી રોકડ 18500 તથા દાગીના મળી કુલ્લે 1,850500ની ચોરીની ફરિયાદ દિવાળીના દિવસે કામરેજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. જેમાં આ ચોરી કરનાર ત્રણ ઈસમ વિષ્ણુભાઈ ઉર્ફે ગલ્લો બચુભાઈ સુનાર, રણજીતભાઈ રમણભાઈ સુનાર (બંને રહે-કલમસર તા-ખંભાત જી-આંણદ) તથા દશરથભાઈ ગોવિંદભાઈ સુનાર (રહે- નિરોલી તા-દશકોઈ જિ-અમદાવાદ)ને અમદાવાદ ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે ચોરીનો ગુનો પકડી પાડ્યો હતો.

આ ત્રણે ચોરોની પૂછપરછ કરતા કામરેજની બે ચોરી કબૂલાત કામરેજ પોલીસને જાણ કરતા



### બે આરોપી રીઢા ગુનેગાર

**ખોલવડ** તથા કઠોરની ઘરફોડ ચોરીમાં કામરેજ પોલીસે ત્રણ આરોપીને અમદાવાદ અસલાલી પો.સ્ટેમાંથી ટ્રાન્સફર વૉરંટથી કબજો મેળવ્યો છે. જેમાં ત્રણેય પૈકી વિષ્ણુ ઉર્ફે ગલ્લો તથા દશરથ આ બન્ને આરોપી અગાઉ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં છ જેટલી ઘરફોર્ડ ચોરીના ગુનામાં પકડાયા હતા. અને તે કેસમાં બે વર્ષ પોરબંદર જેલમાં રહીને જ તાજેતરમાં સજા ભોગવી બહાર આવ્યા હતા.

### પોલીસના ચોપડે ત્રણ જ ચોરી

**ઘરફોડ** ચોરી ગુનામાં પકડાયેલા ત્રણેય આરોપીએને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે પકડી પાડયા હતા. અને ત્રણેય આરોપીએ 11 ઘરફોડ ચોરીઓ ધોળકા,કામરેજ, વડોદરા, પોર અને અસલાલીમાં કરી હતી. જેમાં પોલીસના ચોપડે ત્રણ ચોરી જ નોંધાઈ હતી.